Name : Dubal Ritisha J.

Sem : 5

Roll NO : 240

PRN NO : COC2025240

Sub : મનોવિજ્ઞાન

Paper code : MJ-EPS-101

Dubal Ritishree

Q-1 શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિને સવિસ્તાર વર્ણવો.

→ પ્રસ્તાવના :

શૈક્ષણિક મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની એવી શાખા છે. જે શિક્ષણ અને અધ્યયન પ્રક્રિયાઓ સાથે સંબંધિત છે. તે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શૈક્ષણિક વાતાવરણના વર્તન અને માનસિક પ્રક્રિયાઓને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, આ અભ્યાસ માટે વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં મુલાકાત પદ્ધતિ અને પ્રશ્નાવલી પદ્ધતિ મુખ્ય છે. આ પદ્ધતિઓ વ્યક્તિના વિચારો, લાગણીઓ, અભિપ્રાયો અને વલણો વિશે ઊંડાણપૂર્વકની માહિતી મેળવવામાં મદદ કરે છે.

→ 1. મુલાકાત પદ્ધતિ

— અર્થ અને વ્યાખ્યા :

અર્થ :

મુલાકાત એટલે અભ્યાસના હેતુથી સંશોધક અને માહિતી આપનાર (પ્રતિભાવક) વચ્ચે આમને-સામને થતી મૌખિક વાતચીત. અથવા બીજા શબ્દોમાં કહીએ તો મુલાકાત

એટલે બે વ્યક્તિ વચ્ચેની મોઢા-મોઢની મૌખિક વાતચીત. આ પદ્ધતિમાં સંશોધક પ્રશ્નો પૂછીને અને પ્રતિભાવક જવાબ આપીને ચોક્કસ માહિતી મેળવવામાં આવે છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં, આનો ઉપયોગ વિદ્યાર્થીઓની શીખવાની સમસ્યાઓ, શિક્ષકોના અનુભવો અથવા અભ્યાસક્રમ વિશેના અભિપ્રાયો જાણવા માટે થાય છે.

- વ્યાખ્યા :

" મુલાકાત એ સામાજિક આંતરક્રિયાની એક એવી પ્રક્રિયા છે જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી ચોક્કસ માહિતી એકત્રિત કરે છે."

— ગુડ અને હેટ

" સામાન્ય રીતે, મુલાકાત એ માહિતી મેળવવાના ચોક્કસ હેતુ સાથે બે વ્યક્તિઓ વચ્ચેનો અર્થપૂર્ણ સંવાદ છે."

" મુલાકાતને મુખ્યત્વે બે વ્યક્તિઓ વચ્ચેની વાતચીત તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે, જેનો પ્રાથમિક હેતુ સંશોધક માટે ચોક્કસ માહિતી એકત્રિત કરવાનો છે."

— પી.વી. યંગ

Dubal Ritishu J

વ્યાખ્યાઓ પરથી એવું તારણ કાઢી શકાય કે સામાન્ય રીતે મુલાકાત કે મુલાકાત પદ્ધતિ એ અભ્યાસના ચોક્કસ હેતુ માટે સંશોધક અને પ્રતિભાવક વચ્ચે આમને-સામને થતી દ્વિ-માર્ગી, મૌખિક અને આંતરક્રિયાત્મક વાતચીત છે. તે માત્ર પ્રશ્ન-જવાબ સત્ર નથી, પરંતુ સંશોધનના પ્રશ્નોનું ઊંડાણપૂર્વક સંશોધન કરવાની એક કળા છે.

– મુલાકાતના પ્રકારો :

આ પદ્ધતિનો ઉપયોગ સંશોધનના હેતુ, સમયની ઉપલબ્ધતા અને માહિતીની ઊંડાણપૂર્વકની જરૂરિયાતો અનુસાર થાય છે. આ જરૂરિયાતો આધારે મુલાકાતના ત્રણ પ્રકારો છે: (1) પ્રમાણિત મુલાકાત (2) અર્ધપ્રમાણિત મુલાકાત (3) અપ્રમાણિત મુલાકાત.

→ (1) પ્રમાણિત મુલાકાત :

આ એક એવી મુલાકાત છે જેમાં સંશોધક દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નોની યાદી, તેનો ક્રમ અને પ્રશ્ન પૂછવાનો શબ્દશઃ તરીકો અગાઉથી સંપૂર્ણપણે નિશ્ચિત કરવામાં આવેલો હોય છે. તે પ્રશ્નાવલીના મૌખિક સ્વરૂપ જેવી હોય છે. દરેક મુલાકાતીને એકસરખા શબ્દોમાં, એક સરખા ક્રમમાં અને એકસરખા સમયે પ્રશ્નો પૂછવામાં આવે છે.

Dubal Ritisha J.

સામાન્ય રીતે જથ્થાબંધ માહિતી એકત્રિત કરીને અને ચોક્કસ, તુલનાત્મક જવાબો મેળવવા માટે આ પદ્ધતિનો ઉદ્દેશ્ય હોય છે. આ પદ્ધતિઓમાં કેટલીક બાબતો મુખ્ય છે જેમ કે, પ્રશ્નોનું નિશ્ચિત માળખું હોય છે. જેમાં મુલાકાત-કર્તાને પ્રશ્નોનું સ્વરૂપ બદલવાની છૂટ હોતી નથી. સંશોધક વાતચીતના પ્રવાહને બદલી શકતો નથી કે વધારાના પ્રશ્નો પૂછી શકતો નથી. બધા જ મુલાકાતીઓ પાસે માહિતી સમાન સમાન શરતો હેઠળ મેળવવામાં આવે છે. અને આ પદ્ધતિમાં જવાબોને રેકોર્ડિંગ કરવા માટે ઘણીવાર જવાબો હા/ના, બહુ-વિકલ્પ, અથવા રેટિંગ સ્કેલ સ્વરૂપમાં લેવામાં આવે છે. આ પદ્ધતિનો શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં સામાન્ય રીતે શૈક્ષણિક યોજનાઓનું સર્વેક્ષણ કે મૂલ્યાંકન કરતી વખતે, જ્યાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ કે શિક્ષકો પાસેથી તુલનાત્મક માહિતી મેળવવાનો માટે ઉપયોગી છે.

→ લાભો :

- સમાન પ્રશ્નો હોવાથી વિવિધ પ્રતિભાવકોના જવાબોની સરળતાથી તુલના કરી શકાય છે.

- જવાબો પૂર્વનિર્ધારિત હોવાથી આંકડાકીય વિશ્લેષણ ઝડપી અને સરળ બને છે.

Dubal Ritisha J. Ritisha

- સંશોધકને પ્રશ્નો બદલવાની છૂટ ન હોવાથી, સંશોધકની વ્યક્તિગત અસર ઓછી રહે છે.

→ ગેરલાભો :

- ઊંડાણપૂર્વકના જવાબો કે વ્યક્તિગત કારણોને ~~અ~~ કારણોને જાણવાની તક મળતી નથી.

- ~~ભિન્ન~~ પ્રતિભાવકના રસના વિષયને અનુસરી શકાતો નથી.

- આ પદ્ધતિ ખર્ચાળ હોઈ શકે છે.

→ (૮) અર્ધ-પ્રમાણિત :

અર્ધ-પ્રમાણિત મુલાકાતને અર્ધ-માળખાગત મુલાકાત પણ કહેવામાં આવે છે. તે પ્રમાણિત અને અપ્રમાણિત મુલાકાતનું સંતુલિત મિશ્રણ છે.

આ મુલાકાતમાં મુખ્ય પ્રશ્નોની યાદી અગાઉ તૈયાર હોય છે, જે દરેક પ્રતિભાવકને પૂછવા ફરજિયાત હોય છે. જોકે, સંશોધકને પ્રતિભાવકના જવાબ પર આધાર રાખીને વધારાના કે સ્પષ્ટતાના પ્રશ્નો પૂછવાની છૂટ હોય છે. તે દિશા-નિર્દેશિત સ્વતંત્રતા પૂરી પાડે છે. સંશોધકનો મુખ્ય હેતુ જળવાઈ રહે છે, છતાં વ્યક્તિની ઊંડાણપૂર્વક શોધખોળ

Dubal Ritisha J. Ritisha

પણ થઈ શકે છે. પ્રમાણિત માહિતીની સાથે ગુણાત્મક દૃષ્ટિકોણ પણ મેળવવાનો હેતુ હોય છે.

આ પદ્ધતિમાં કેટલીક બાબતો જેમ કે મુખ્ય વિષયો નક્કી હોવા છતાં, પ્રશ્નો પૂછવાના ક્રમમાં થોડો ફેરફાર કરી શકાય છે. આ પદ્ધતિ તુલનાત્મક અને વિગતવાર બંને પ્રકારની માહિતી મેળવવાની મંજૂરી આપે છે. પ્રશ્નોની પૂર્વનિર્ધારિત માર્ગદર્શિકા સંશોધકને વિષય પર કેન્દ્રિત રાખે છે.

— લાભો :

- તે ઊંડાણપૂર્વકની માહિતી અને પ્રમાણભૂત માહિતી વચ્ચે યોગ્ય સંતુલન મળે છે.

- મુખ્ય પ્રશ્નો સમાન હોવાથી, સમૂહ અંતર જવાબોની તુલના શક્ય બને છે.

- ગેરલાભોમાં ઘટાડો જેમ કે તે માળખાગત પદ્ધતિની કઠોરતા અને અમાળખાગત પદ્ધતિની વિશ્લેષણની જટિલતા બંનેને ઘટાડે છે.

— ગેરલાભો :

- સંશોધકને મુલાકાત લેવા માટે વધારે કૌશલ્યની જરૂર પડે છે. જેથી તે લવચીકતાનો યોગ્ય ઉપયોગ કરી શકે.

Dubal Ritisha J. Trisha

પણ થઇ શકે છે. પ્રમાણિત માહિતીની સાથે ગુણાત્મક ડેટા પણ મેળવવાનો હેતુ હોય છે

આ પદ્ધતિમાં કેટલીક બાબતો જેમ કે મુખ્ય વિષયો નક્કી હોવા છતાં, પ્રશ્નો પૂછવાના ક્રમમાં થોડો ફેરફાર કરી શકાય છે. આ પદ્ધતિ તુલનાત્મક અને વિગતવાર બંને પ્રકારની માહિતી મેળવવાની મંજૂરી આપે છે. પ્રશ્નોની પૂર્વનિર્ધારિત માર્ગદર્શિકા સંશોધકને વિષય પર કેન્દ્રિત રાખે છે.

— લાભો :

- તે ઊંડાણપૂર્વકની માહિતી અને પ્રમાણભૂત માહિતી વચ્ચે યોગ્ય સંતુલન મળે છે.

- મુખ્ય પ્રશ્નો સમાન હોવાથી, અમુક અંશે જવાબોની તુલના શક્ય બને છે.

- ગેરલાભોમાં ઘટાડો જેમ કે તે માળખાગત પદ્ધતિની કઠોરતા અને અમાળખાગત પદ્ધતિની વિશ્લેષણની જટિલતા બંનેને ઘટાડે છે.

— ગેરલાભો :

- સંશોધકને મુલાકાત લેવા માટે વધારે કૌશલ્યની જરૂર પડે છે. જેથી તે લવચીકતાનો યોગ્ય ઉપયોગ કરી શકે

Dubal Ritisha J.

- માહિતીનું વિશ્લેષણ પ્રમાણિત મુલાકાત કરતાં વધારે જટિલ રહે છે.

→ 3. અપ્રમાણિત મુલાકાત પદ્ધતિ :

અપ્રમાણિત મુલાકાતને અમાળખાગત અથવા બિન-માળખાગત મુલાકાત પણ કહેવામાં આવે છે.

આ મુલાકાતનું કોઈ નિશ્ચિત માળખું હોતું નથી. સંશોધક પાસે માત્ર અભ્યાસના મુખ્ય મુદ્દાઓ કે વિષયો હોય છે, જેના આધારે તે વાતચીત શરૂ કરે છે. પ્રશ્નો ક્રમ કે શબ્દો અગાઉથી નક્કી હોતા નથી.

તે બે વ્યક્તિઓ વચ્ચેની મુક્ત અને અનૌપચારિક વાતચીત જેવી હોય છે. વાતચીતનો પ્રવાહ સંપૂર્ણપણે પ્રતિભાવકના જવાબો અને તેના વિષય પ્રત્યેના રસ પર આધારિત હોય છે.

તેનો ઉદ્દેશ્ય મુખ્યત્વે ગુણાત્મક માહિતી, વ્યક્તિના અનુભવો, લાગણીઓ અને વર્તનના ઊંડાણપૂર્વકના કારણોને સમજવાનો છે.

Dubal Ritisha J.

સંશોધકને પ્રશ્નો બદલવા, ક્રમ બદલવા, અને ચોક્કસ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરવાની સંપૂર્ણ છૂટ હોય છે. પ્રતિભાવકના જવાબોની સાથે તેના હાવભાવ અને લાગણીઓ પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવે છે. જવાબોનું વિશ્લેષણ કરવા માટે મોટાભાગે ઓડિયો / વિડિયો રેકોર્ડિંગ અને વિગતવાર નોંધનો ઉપયોગ થાય છે. સામાન્ય રીતે શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં તેનો ઉપયોગ સામાન્ય રીતે કેસ સ્ટડીમાં, જેમ કે ગંભીર વર્તનની સમસ્યાઓ કે શીખવાની અક્ષમતાના મૂળ કારણોને સમજવા.

- લાભો :

- જટિલ અને સંવેદનશીલ વિષયો પર વિગતવાર અને સારી માહિતી મેળવવાની તક મળે છે.

- મુક્ત વાતચીત દરમિયાન સંશોધકને લાગતા નવા અને અણધાર્યા વિષયો પણ સામે આવી શકે છે.

- અનૌપચારિક વાતાવરણને કારણે સંશોધક અને પ્રતિભાવક વચ્ચે વિશ્વાસનું વાતાવરણ ઝડપથી બને છે.

Dubal Ritisha J.

- ગેરલાભો :

- મુક્ત જવાબોનું વર્ગીકરણ અને વ્યવસ્થિત વિશ્લેષણ કરવું ખૂબ જ મુશ્કેલ છે.

- સંશોધકના વ્યક્તિગત અભિગમને કારણે પરિણામોમાં વ્યક્તિલક્ષીતા આવી શકે છે.

- મુલાકાત અને તેના વિશ્લેષણ બંનેમાં વધારે સમય લાગે છે તે સમય માંગી લે છે

→ (૨) પ્રશ્નાવલી પદ્ધતિ :

- પ્રસ્તાવના :

શૈક્ષણિક મનોવિજ્ઞાન એ શિક્ષણની પ્રક્રિયા અને માનવીય વર્તનને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ક્ષેત્રમાં માહિતી એકત્રિત કરવા અને વિવિધ શૈક્ષણિક ઘટનાઓનો અભ્યાસ કરવા માટે અનેક પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. તેમાંથી, પ્રશ્નાવલી પદ્ધતિ એ સૌથી સરળ, ઝડપ અને વ્યાપક પદ્ધતિઓમાંની એક છે, જે મોટી સંખ્યામાં લોકો પાસેથી ડેટા એકત્રિત કરવા માટે ઉપયોગી છે.

- અર્થ :

પ્રશ્નાવલી એ સંશોધનના હેતુથી તૈયાર કરાયેલા પ્રશ્નોની ક્રમબદ્ધ યાદી છે, જે ઉત્તરદાતાઓને લેખિતમાં તેમના જવાબો આપવા માટે

Dubal Ritishe J.

આપવા માટે મોકલવામાં આવે છે. આ પદ્ધતિ સ્વ-અહેવાલ પદ્ધતિ છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં, તેનો ઉપયોગ મોટા જૂથના વિદ્યાર્થીઓ અથવા શિક્ષકોના વલણો, રુચિઓ, મનોવૈજ્ઞાનિક લક્ષણો અથવા શૈક્ષણિક વાતાવરણ પ્રત્યેના અભિપ્રાયો મેળવવા માટે થાય છે.

પ્રશ્નાવલીએ મૂળભૂત રીતે પ્રશ્નોની એક સૂચિ છે. જે એક ચોક્કસ વિષયને આવરી લેઇને લગતા હોય છે. આ સૂચિ અભ્યાસના વિષયને વ્યક્તિગત રીતે વિતરીત કરવામાં આવે છે. અને તેમને પ્રશ્નોના જવાબો વાંચીને આપવા વિનંતી કરીને આપવા માટે કહેવામાં આવે છે.

– વ્યાખ્યા :

- "પ્રશ્નાવલીએ પદ્ધતિસર તૈયાર કરેલી પ્રશ્નોની એક લાંબી યાદી છે, જેનો ઉપયોગ વિવિધ વ્યક્તિઓ પાસેથી માહિતી અને હકીકત મેળવવા માટે કરવામાં આવે છે."

- પી.વી. યંગ

- "પ્રશ્નાવલી એ વિવિધ વ્યક્તિઓને ઉત્તર આપવા માટે મોકલવામાં આવેલી પ્રશ્નોની એક યાદી છે."

- બોગાર્ડસ

Dhaval રાઠોડ

- પ્રશ્નાવલીના મુખ્ય હેતુઓ :

- કોઈ ચોક્કસ શૈક્ષણિક સમસ્યા, વર્તન, અથવા માનસિક પ્રક્રિયા અંગે માહિતી એકત્રિત કરવી.

- મોટા સમૂહના વલણો, અભિપ્રાયો અને માન્યતાઓ વિશે મેળવવું.

- વિવિધ પરિવર્તકો વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરવો.

- શિક્ષણ પ્રણાલી, અભ્યાસક્રમ અથવા શૈક્ષણિક પદ્ધતિઓની અસરકારકતા ચકાસવી.

→ પ્રશ્નાવલીના પ્રકારો :

પ્રશ્નાવલીના મુખ્યત્વે બે પ્રકારો છે (1) બંધ (સીમિત) પ્રશ્નાવલી (2) ખુલ્લી (અસીમિત) પ્રશ્નાવલી.

→ (1) બંધ પ્રશ્નાવલી :

બંધ પ્રશ્નાવલીએ એટલે એવી પ્રશ્નાવલી જેમાં ઉત્તરદાતાએ સંશોધક દ્વારા આપવામાં આવેલા મર્યાદિત વિકલ્પોમાંથી જ કોઈ એકની પસંદગી કરવાની હોય છે. તેને

Dubal Ritika J. Patel

'અરચિત' અથવા 'પ્રતિબંધિત' પ્રશ્નાવલી પણ કહેવામાં આવે છે.

બંધ પ્રશ્નાવલીના પણ અમુક પેટા પ્રકારો હોય છે. જેમ કે દ્વિ-વિકલ્પી પ્રશ્નો કે જેમા માત્ર બે જ વિકલ્પ હોય. જેમ કે "હા/ના" અથવા "સંમત/અસંમત.", બીજું બહુવિકલ્પ પ્રશ્નો હોય કે જેમાં ત્રણ કે તેથી વધારે વિકલ્પો આપેલા હોય જેમાંથી શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરવાનો હોય. ચેકલિસ્ટ જેમાં ઉત્તરદાતા એક કરતા વધુ લાગુ પડતા વિકલ્પો પર નિશાની કરી શકે.

→ ફાયદા :

- ઉત્તરદાતાએ માત્ર નિશાની કરવાની હોવાથી સમય ઓછો લાગે છે આથી ઝડપી પ્રતિસાદ મેળવી શકાય છે

- આ આંકડાકીય માહિતી હોવાથી તેનું કમ્પ્યુટર દ્વારા વિશ્લેષણ સરળતાથી થઈ શકે છે.

- વસ્તુનિષ્ઠતા સંશોધકનો અંગત પૂર્વગ્રહ માહિતી પર અસર કરતો નથી.

- ઘણાં લોકો પાસેથી ઝડપથી માહિતી મેળવી શકાય છે.

Dubal Ritisha J.

→ મર્યાદા :

- ઉત્તરદાતા પોતાનું મંતવ્ય વિસ્તૃત રીતે સમજાવી શકતો નથી આથી અભિવ્યક્તિનો અભાવ.

- જો સાચા જવાબ વિકલ્પોમાં ન હોય, તો ઉત્તરદાતા મૂંઝવણમાં મુકાય છે.

→ 2. ખુલ્લી પ્રશ્નાવલી :

ખુલ્લી પ્રશ્નાવલીમાં ઉત્તરદાતાને કોઈપણ વિકલ્પ આપ્યા વગર પ્રશ્ન પૂછવામાં આવે છે. અને જવાબ લખવા માટે પૂરતી જગ્યા આપવામાં આવે છે. તેને 'અસંરચિત' પ્રશ્નાવલી પણ કહેવામાં આવે છે. આ ગુણાત્મક માહિતી આપે છે. તેમાં ઉત્તરદાતાના વિચારો, લાગણીઓ અને અનુભવો મળી શકાય છે. આ પ્રકાર 'શા માટે'? અને 'કેવી રીતે'? જેવા પ્રશ્નો પૂછવા માટે શ્રેષ્ઠ છે

→ ફાયદા :

- ઊંડાણપૂર્વકની માહિતી મેળવવાથી વિષયના મૂળ સુધી પહોંચી શકાય છે.

- સંશોધકે ન વિચાર્યું હોય તેવા નવા પાસાઓ ઉત્તરદાતા દ્વારા જાણવા મળે છે.

Dubal Ritisha J. Trivedi

- ઉત્તરદાતા પોતાની ભાષા અને શૈલીમાં સારો અભિપ્રાય આપી શકે છે.

→ મર્યાદા :

- દરેકના જવાબ અલગ હોવાથી તેને વર્ગીકૃત કરવા ખૂબ અઘરા પડે છે. આથી વિશ્લેષણમાં મુશ્કેલી.

- સમયનો વ્યય થાય છે. ઉત્તરદાતાને લખવામાં સમય લાગે છે. અને સંશોધકોને વાંચવામાં.

- જો ઉત્તરદાતા આળસુ હોય અથવા લખવામાં કુશળ ન હોય, તો તે ટૂંકા અને અધૂરા જવાબ આપે છે.

→ શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં ઉપયોગ :

- મોટા નમૂનાનો અભ્યાસ : મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અથવા શિક્ષકોના વલણ, પ્રેરણા અથવા ચિંતાના સ્તરને માપવા માટે.

- માનકીકૃત પરીક્ષણો : બુદ્ધિ, વ્યક્તિત્વ અથવા શૈક્ષણિક સિદ્ધિ માપવાના માનકીકૃત પરીક્ષણો પણ પ્રશ્નાવલીનું જ સ્વરૂપ છે.

Dubal Ritisha , [signature]

- સર્વેક્ષણ : શૈક્ષણિક સુવિધાઓ, શિક્ષણની ગુણવત્તા અથવા ઓનલાઇન શિક્ષણના પ્રભાવ જેવા મુદ્દાઓ પર મોટા પાયે સર્વે કરવા માટે.

→ નિષ્કર્ષ :

શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં મુલાકાત પદ્ધતિ અને પ્રશ્નાવલી પદ્ધતિ બંનેનું વિશેષ મહત્વ છે. મુલાકાત પદ્ધતિ ઓછા નમૂના માટે ઊંડાણપૂર્વક અને ગુણાત્મક માહિતી મેળવવામાં શ્રેષ્ઠ છે, જે વ્યક્તિગત કેસ સ્ટડી અને નિદાન માટે ઉપયોગી છે. તેનાથી વિપરીત, પ્રશ્નાવલી પદ્ધતિ મોટા નમૂના માટે વ્યાપક અને જથ્થાત્મક માહિતી મેળવવામાં અસરકારક છે, જે વલણો અને વ્યાપક સર્વેક્ષણ માટે અનિવાર્ય છે.